# યુવા ક્લબ વોટર્સ ક્લબ



**ડૉ. મહેશકુમાર આર. સોલંકી**
કન્વીનર

- સંસ્થામાં આ વર્ષે સરકારશ્રી, ઉચ્ચશિક્ષણ કિમિશ્નરની કચેરી, ગાંધીનગરના આદેશ અનુસાર જે વિદ્યાર્થીઓને મતદાન કરવા માટેનું ચૂંટણીકાર્ડ મળેલ નથી, તેવા વિદ્યાર્થીઓને ફોર્મ ભરીને કાર્ડ અંગે બુથ લેવલ ઓફિસર (BLO) સાથે સંપર્ક કરાવીને યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- સંસ્થાની તાલીમાર્થી બહેનો પણ પોતાના રહેઠાણના વિસ્તાર કે ગામમાં જઈને મતદાન કરવા અંગેની મતદાન જાગૃતિ કે મત અધિકારની સભાનતા માટે પ્રચાર અને પ્રસાર કરે છે.
- આ વર્ષે દરેક વ્યક્તિ આગામી આવનાર ચૂંટણીમાં ભાગ લઈ મતદાન કરે તે માટે તમામ સ્ટાફ તથા બંને સેમેસ્ટરની તાલીમાર્થીઓને મતદાન કરવા અંગેનો સંકલ્પ લેવડાવ્યો હતો. તાલીમાર્થીઓના મા-બાપ પણ મતદાન અચૂક કરે તેવા સંકલ્પ તેમની દીકરીઓ દ્વારા લેવડાવ્યા હતાં. આ ઉપરાંત તમામને મતદાન અંગેની પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી.
- મતદાન પ્રતિજ્ઞા કાર્યક્રમ.
- ચૂંટણી કાર્ડ સુધારણા કાર્યક્રમ.
- આ વર્ષે તાજેતરમાં તા. ૭/3/૨૦૨૪ના રોજ આણંદ પંથકમાં આણંદ જિલ્લા કલેક્ટર દ્વારા યોજાયેલ મતદાન અંગેની જાગૃતતા કેળવાય તેવા હેતુથી "વૉટર્સ રેલી"નું આયોજન થયું હતું. તેમાં આપણી કૉલેજની તાલીમાર્થીઓ તથા અધ્યાપકો જોડાયા હતા.
- તા. ૧૪/03/૨૦૨૪ના રોજ કૉલેજની પ્રાર્થના સભામાં લોકશાહી પર્વના પ્રથમ રાઉન્ડ નિમિત્તે "મતદાતા શપથ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કૉલેજના તમામ કર્મચારીઓએ ચૂંટણી કમિશ્નરના (ગુજરાત રાજ્ય)ના આદેશ પ્રમાણે શપથ લીધા હતા.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨3 અને ૨૦૨3-૨૦૨૪ ક્લબની રચના નીચે પ્રમાણે છે.

| ક્રમ | નામ | સરનામું |
|---|---|---|
| ૧. | ડૉ. ડી. આર. પરમાર | આચાર્ય, આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ. |
| ૨. | ડૉ. મહેશકુમાર આર. સોલંકી | એસોસિયેટ પ્રોફેસર, આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ. |